રાજય સરકાર હસ્તકની આશ્રમશાળાઓની હાલની વ્યવસ્થાનો અભ્યાસ કરીને ભલામણો આપવા માટે સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/ASC/CourtCase/17/2023/2728/K ,

સચિવાલય, ગાંધીનગર

તા./૦૪/૨૦૨૪

**વંચાણે લીધાં:**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૩/૦૮/૧૯૭૩ નો ઠરાવ ક્રમાંક : BBC-1069/37956-chh

(૨) શિક્ષણ વિભાગનો તા.૦૮/૧૨/૧૯૯૯ નો ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૩૯૯-ઈએમ-૬૮-ક

(૩) R/SCA NO : 9134 of 2005માં નામ.ગુજરાત હાઈકોર્ટનો તા.૦૬/૦૩/૨૦૨૪નો ઓરલ ઓર્ડર

(૪) મુખ્ય સચિવશ્રી દ્વારા SCA-9134/2005માં દાખલ કરવામાં આવેલ સોગંદનામું

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના શિક્ષણ વિભાગના તા.૨૩/૦૮/૧૯૭૩ ના ઠરાવથી રાજયની આશ્રમશાળાના કર્મચારીઓને lienનો લાભ આપવામાં આવેલ હતો. આ લાભ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના શિક્ષણ વિભાગના તા.૦૮/૧૨/૧૯૯૯ના ઠરાવથી રદ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ દ્વારા નામ. ગુજરાત વડી અદાલતમાં R/SCA NO : 23626 of 2005 with R/SCA NO: 9212 of 2010 with R/SCA NO: 9134 of 2005 દાખલ કરવામાં આવેલ છે. ઉક્ત કોર્ટ કેસમાં વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના નામદાર ગુજરાત વડી અદાલતના તા.૦૬/૦૩/૨૦૨૪ ના હુકમથી પ્રસ્તુત ખાસ દિવાની અરજી (SCA)ને જાહેરહિતની અરજી(PIL)માં પરિવર્તિત કરેલ તેમજ આ હુકમના ફકરા નં.૨૫ માં નીચે મુજબનો આદેશ કરવામાં આવેલ.

"The affidavit of the Chief Secretary, Government of Gujarat shall also be filled to answer as to whether the State Government has any proposal to give statutory character to the Ashramshalas for replacing control by executive fiat to discharge its duty to achieve objects of the RTE Act, to provide free and compulsory education to children belonging to weaker sections and children belonging to disadvantaged group by providing necessary funds, so that they may not be prevented from pursuing and completing elementary education on any grounds and also receive special training within the meaning of Section 4 to Section 8 of the RTE Act, 2009"

આ આદેશ અન્વયે મુખ્યસચિવશ્રી કક્ષાએથી નામદાર વડી અદાલતમાં ઉક્ત ક્રમ-(૪) મુજબ સોગંદનામુ દાખલ કરવામાં આવેલ છે.

૨. આદિજાતિ વિકાસ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની આશ્રમશાળાઓમાં Right To Education Act, 2009 ના મૂળભૂત હેતુ સિદ્ધ થઈ શકે તે હેતુસર યોગ્ય વ્યવસ્થા ગોઠવવા અંગે જરૂરી ભલામણો મેળવવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા એક સમિતિની રચના કરવા આવશે તેમ સદરહુ સોગંદનામામાં જણાવવામાં આવેલ. જે અન્વયે ઉક્ત સમિતિની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સક્ષમ કક્ષાએ થયેલ કાળજીપૂર્વકની વિચારણાને અંતે, આશ્રમશાળાઓની વર્તમાન વ્યવસ્થાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી, આશ્રમશાળામાં હાલ અભ્યાસ કરતાં રાજ્યના અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને નિ:શુલ્ક અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મળી રહે અને તેના થકી Right To Education Act, 2009 ના તમામ ઉદ્દેશ્યોને પરિપૂર્ણ કરી શકાય તેવી યોગ્ય વ્યવસ્થા ગોઠવવા બાબતે જરૂરી ભલામણો કરવા માટે નીચે મુજબની સમિતિની આથી રચના કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારીશ્રીઓ | હોદ્દો |
|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| ૨ | અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), નાણા વિભાગ | સભ્ય |
| ૩ | અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | સભ્ય |
| ૪ | સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ | સભ્ય |
| ૫ | કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ | સભ્ય સચિવ |
| ૬ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય |
| ૭ | નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ | સભ્ય |
| ૮ | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ | સભ્ય |

**સમિતિના કાર્યો:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની આશ્રમશાળા યોજના હેઠળ પ્રવર્તમાન વ્યવસ્થાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો અને Right To Education Act, 2009 ની જોગવાઈઓના અમલ માટે આ આશ્રમશાળા યોજનામાં શું ફેરફાર કરવાની જરૂર છે તે અંગે ભલામણો કરવી.

(૨) શિક્ષણ વિભાગ હસ્તકની શાળાઓમાં પ્રવર્તમાન વ્યવસ્થા/સુવિધાઓનો અભ્યાસ કરી, આ માળખાગત સુવિધાઓનો ઉપયોગ, આશ્રમશાળાની યોજનામાં Right To Education Act, 2009ના હેતુઓ સિધ્ધ થાય તે માટે કેવી રીતે કરી શકાય તે માટે ભલામણો કરવી.

(૩) ઉક્ત બંને મુદ્દાઓના સંદર્ભમાં આશ્રમશાળાની હાલની વ્યવસ્થામાં ફેરફાર કરી, તેને કાયદાકીય સ્વરૂપ આપવા અંગેની ચકાસણી કરીને ભલામણ કરવી.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર સરકારશ્રીની તા:-૦૧/૦૪/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીગર પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, **સ્વર્ણિમ સંકુલ-૧**, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(આદિજાતિ વિકાસ અને શિક્ષણ) ના અંગત સચિવશ્રી, **સ્વર્ણિમ સંકુલ-૧**, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, **સચિવાલય**, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગતસચિવશ્રી, સ્વર્ણિમસંકુલ-૨, **સચિવાલય**, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં), **નાણાં વિભાગ**, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, **આદિજાતિ વિકાસ વિભાગ**, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ), **શિક્ષણ વિભાગ**, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, **બિરસા મુંડા ભવન**, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, **વિદ્યા સમીક્ષા કેન્દ્ર**, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, **જીવરાજ મહેતા ભવન**, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, **જીવરાજ મહેતા ભવન**, ગાંધીનગર.
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**, સચિવાલય
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, **સચિવાલય**, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ, **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪

*Signature Not Verified*

*Signed by:Jigar Patel*
*Deputy Secretary*
*Date:2024.04.08*
*13:14:25 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*